
# ફિલ્મ ‘ઇક્કીસ’માં અગસ્ત્ય નંદા ‘બીસ’ સાબિત થશે કે કેમ?

ફિલ્મ ‘ઈક્કીસ’ના ટ્રેલરના આધારે કહી શકાય કે અગસ્ત્ય નંદાને ‘બીસ’ સાબિત થવાની પૂરી તક મળી છે. અગસ્ત્ય ‘ઈક્કીસ’માં બીજા હીરોથી ‘બીસ’ (એટલે કે ચડિયાતો) સાબિત થશે કે કેમ તે એક મોટો સવાલ છે. તેના માટે અમુક મહત્ત્વના પાસાંઓ ધ્યાનમાં લેવા જરૂરી છે. અગસ્ત્યએ ભલે OTT પર ‘ધ આર્ચીઝ’થી શરૂઆત કરી હોય પરંતુ મોટા પડદા પર તેની આ પ્રથમ મોટી ફિલ્મ છે. યુદ્ધ ડ્રામા જેવા ગંભીર અને દેશભક્તિના વિષયને પસંદ કરવો એ દર્શાવે છે કે તે પોતાની અભિનય ક્ષમતા સાબિત કરવા માટે પ્રતિબદ્ધ છે. પણ આ કામ તેના માટે સહેલું નથી. કારણ કે તેની સાથેના ‘ખેલાડીઓ’ ખૂબ જ મજબૂત છે! ધર્મેન્દ્ર અને ખાસ કરીને જયદીપ અહલાવત જેવા દમદાર અભિનેતાઓ છે, જેઓ પોતાના પાવરફુલ પર્ફોર્મન્સ માટે જાણીતા રહ્યા છે. આવા અનુભવી કલાકારોની હાજરીમાં તેના માટે ધ્યાન ખેંચવું મુશ્કેલ બની શકે છે. જોકે, ધરમજી આવે એટલે ફિલ્મને એક ઐતિહાસિક ‘આશીર્વાદ’ મળી જાય છે! અગસ્ત્યનો આ બીજો પ્રોજેક્ટ છે અને થિયેટરમાં આવનારી પહેલી ફિલ્મ છે. તેની સરખામણી તેના જમાનાના અનુભવી કલાકારો સાથે થશે, જે એક મોટો પડકાર છે. તે ફક્ત તેના અભિનયની દમદારતા પર આધાર રાખે છે. જો તે 21 વર્ષના જવાન અરુણ ખેતારપાલનો જુસ્સો અને બલિદાન દર્શકો સુધી પહોંચાડી શકશે તો એક નવા હીરો તરીકે પોતાનું સ્થાન બનાવશે. ટ્રેલર જોઈને લાગે છે કે અગસ્ત્યએ આ મોટી જવાબદારી ગંભીરતાથી લીધી છે. તેણે 21 વર્ષના સૈનિકના રોલમાં જીવ રેડી દીધો છે. ટ્રેલરનો ટોન ઘણો સંવેદનશીલ છે. યુદ્ધની લડાઈને બદલે એક યુવાન સૈનિકના સાહસ, બલિદાન અને દેશભક્તિ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. એક યુઝરના મતે એમાં કોઈ ‘હિંદુ-મુસ્લિમ ડ્રામા’ કે ‘પાકિસ્તાન’ શબ્દનો ઉપયોગ થયો નથી એ સકારાત્મક વાત છે. આ માત્ર ગોળીબારવાળી ફિલ્મ નહીં હોય પણ એક હીરોની દિલને સ્પર્શી જાય એવી કહાણી હશે. જેને નિર્દેશક શ્રીરામ રાઘવને બનાવી છે. શ્રીરામને આપણે ‘અંધાધૂન’ અને ‘બદલાપુર’ જેવી રોમાંચક ફિલ્મો માટે જાણીએ છીએ. ટ્રેલર જોઈને લાગે છે કે તેમણે પોતાનો થ્રિલર કેમેરો સીધો ટેન્કના બુર્જ પર ગોઠવી દીધો છે. હવે સવાલ એ છે કે ડિસેમ્બરમાં આવનારી આ યુદ્ધ ડ્રામામાં પણ કોઈ ‘ટ્વિસ્ટ’ કે ‘બદલો’ છુપાયેલો હશે? શ્રીરામ જો વોર ફિલ્મ બનાવે તો તેમાં ‘ધમાકો’ ઓછો અને ‘સસ્પેન્સ’ વધારે હોય એવું પણ બની શકે!




ફિલ્મ ટી.વી
રાકેશ ઠક્કર

# શું ‘મસ્તી 4’ને 3 જૂના હીરો સફળ બનાવી શકશે?

શું ‘મસ્તી 4’ તેની ફ્રેન્ચાઈઝીની છેલ્લી ફિલ્મ હશે? આવો પ્રશ્ન તેનું ટ્રેલર જોઈને થઈ રહ્યો છે. કેમ કે, ત્રીજો ભાગ ‘ગ્રેટ ગ્રાન્ડ મસ્તી’ 2016માં આવ્યો હતો અને ફિલ્મમાં કોમેડી સાથે હોરરનો તડકો ઉમેરવામાં આવ્યો હતો. પરંતુ બોક્સ ઓફિસ પર સંપૂર્ણપણે નિષ્ફળ રહી હતી. એટલું જ નહીં આ ફ્રેન્ચાઈઝીનો સૌથી નબળો ભાગ સાબિત થઈ હતી. તેથી હવે નવો ભાગ બનશે નહીં એમ લાગતું હતું. પહેલી ‘મસ્તી’ એક સારી કોમેડી-થ્રિલર તરીકે સફળ રહી હતી. બીજી ‘ગ્રાન્ડ મસ્તી’ને સમીક્ષકો તરફથી ખરાબ પ્રતિભાવ મળ્યો હતો પણ બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી. ‘મસ્તી 4’ના ટ્રેલરને સારો પ્રતિસાદ મળ્યો નથી. કેટલાક વિવેચકો અને દર્શકો માને છે કે આ પ્રકારની એડલ્ટ કોમેડી હવે જૂની અને શરમજનક લાગે છે. તે 2025 ના સમય માટે આઉટડેટેડ છે. આ ફ્રેન્ચાઈઝીની આજે જરૂર ન હોવાનું પણ કહી રહ્યા છે. અલબત્ત ઘણા ચાહકો આ ઓરિજિનલ ત્રિપુટીને ફરી એકસાથે જોઈને ખૂબ જ ઉત્સાહિત છે. તેમને ત્રણેયની કેમેસ્ટ્રી અને પંચલાઈન્સ ખૂબ ગમી છે. આ ફ્રેન્ચાઈઝી તેની એડલ્ટ કોમેડી, ડબલ મિનિંગ જોક્સ અને સ્લેપસ્ટિક હ્યુમર માટે જાણીતી છે. ટ્રેલરમાં આ જ પ્રકારની મસ્તી, મજાક અને મૂંઝવણ જોવા મળે છે. કેટલાક ‘ઓવર ધ ટોપ’ અને ‘નો-ફિલ્ટર’ ડાયલોગ્સ છે. રિતેશ દેશમુખ જે હંમેશા સૌથી વધુ ડરેલો હોય છે, તે એક સુંદર છોકરી નતાલિયા સાથે વાત કરતી વખતે કહે છે કે, ‘ઈન્સાન કી તો સિર્ફ દો હી જરૂરતેં હોતી હૈં... ‘રોઝી’ ઔર ‘રોટી’... ઔર ‘રોટી’ તો મૈં ઘર લેકર આ રહા હૂઁ!’ આફતાબ શિવદાસાની જે તેની ધાર્મિક પત્નીથી સૌથી વધુ ડરે છે, તે એક દ્રશ્યમાં જ્યારે તેના મિત્રો MMS બ્લેકમેલની ચર્ચા કરે છે ત્યારે રાહતનો શ્વાસ લઈ કહે છે કે, ‘થેન્ક ગૉડ, મુઝે કોઈ MMS ભેજ હી નહીં સકતા! ક્યોં? ક્યોંકી મેરા ફોન... તુમ્હારી બીવી કે પાસ હૈ!’ આ વખતે વાર્તા ત્રણ પરિણીત પુરુષોના જીવનમાં નવા ટ્વિસ્ટ અને યુવતીઓ સાથેના રમૂજી કોમેડી ડ્રામાની આસપાસ ફરે છે. જ્યાં તેઓ તેમની પત્નીઓ સાથેની મુશ્કેલીઓમાંથી બચવાનો પ્રયાસ કરે છે. 21 નવેમ્બરે રજૂ થનારી ‘મસ્તી 4’માં રિતેશ, વિવેક અને આફતાબ ફરી એક સાથે છે. જ્યારે આ વખતે તેમની સાથે શ્રેયા શર્મા, રૂહી સિંહ અને એલનાઝ નોરોઝી જેવી નવી અભિનેત્રીઓ છે. તેથી સફળતાનો આધાર તેમના પર જ રહેશે.




# દક્ષિણ ઓડિશામાં ગાઢ જંગલોમાં ઊગતી કોરાપુટ કોફીમાં એવું શું છે જે પીએમ મોદીને ‘ગજબ’ લાગ્યું?

# વાહ તાજ નહીં વાહ કોરાપુટ..!



દક્ષિણ ઓડિશામાં ગાઢ જંગલો અને ઢાળવાળી ટેકરીઓથી ઘેરાયેલો કોરાપુટ પ્રદેશ લાંબા સમયથી ફક્ત તેની આદિવાસી સંસ્કૃતિ અને કુદરતી સૌંદર્ય માટે જાણીતો હતો પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં આ ભૂમિમાંથી એક નવી સુગંધ ઉભરી આવી છેઃ કોફીની સુગંધ અને તે પણ, એક એવી કોફી જે ફક્ત ઓડિશા જ નહીં પરંતુ ભારતને પાર કરીને આંતરરાષ્ટ્રીય બજારમાં પહોંચી છે. ગત રવિવાર, 26 ઓક્ટોબરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ‘મન કી બાત’માં આ કોફીનો ખાસ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેનો સ્વાદ ‘ગજબ’ છે. ઓડિશાના કોરાપુટ પ્રદેશમાં ઉગાડવામાં આવતી આ ખાસ કોફીને કોરાપુટ કોફી કહેવામાં આવે છે. લગભગ 100 વર્ષ પહેલાં રાજાના પ્રયોગ તરીકે ઉદ્ભવેલી આ કોફી હવે વિશ્વભરમાં ‘ભારતીય કોફી’ તરીકે ઓળખાય છે.

કોરાપુટ કોફી શું છે?: આ પ્રશ્ન ફક્ત ત્યારે જ અર્થપૂર્ણ છે જો તમે બે કોફી વચ્ચે તફાવત સમજી શકો અને જો તમને ખબર હોય કે કોફીના કેટલા પ્રકારો છે. એસ્પ્રેસો, કેપ્પુચીનો, લટ્ટે અને મોચા એ બધી તૈયારીની પદ્ધતિના આધારે વિવિધ પ્રકારની કોફી છે પરંતુ શું તમે જાણો છો કે બીન્સની ગુણવત્તાના આધારે કોફીના ચાર મુખ્ય પ્રકારો છે.




૧. રોબસ્ટા કોફી બીન્સઃ આ વિશ્વમાં બીજા ક્રમનું સૌથી વધુ ઉગાડવામાં આવતું કોફી બીન્સ છે. તે ખાસ કરીને યુરોપ, મધ્ય પૂર્વ અને આફ્રિકામાં લોકપ્રિય છે. તીખા અને ક્યારેક સહેજ કડવા સ્વાદ સાથે આ બીન્સમાં કેફિનનું પ્રમાણ વધુ હોય છે અને તેની સુગંધ તીવ્ર હોય છે.

૨. અરેબિકાઃ સૌથી વધુ લોકપ્રિય અને વ્યાપકપણે ઉપયોગમાં લેવાતું કોફી બીન્સ છે. તે ઈથોપિયામાં ઉદ્ભવ્યું હતું અને એવું કહેવાય છે કે આ મનુષ્યો દ્વારા પીવામાં આવતી પ્રથમ કોફી હતી. પાછળથી તે અરબમાં ખૂબ જ લોકપ્રિય બન્યું અને તેથી તેનું નામ પડ્યું - અરેબિકા. તે બ્રાઝિલના પર્વતીય વરસાદી જંગલો જેવા ઊંચાઈવાળા વિસ્તારોમાં ઊગે છે. આજે બ્રાઝિલ અરેબિકાનું સૌથી મોટું ઉત્પાદક છે. તેનો સ્વાદ રોબસ્ટા કરતાં થોડો નરમ, મીઠો અને વધુ સુગંધિત છે.

લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

૩.લાઈબેરિકાઃ તે લાઈબેરિયા અને આફ્રિકા આસપાસના દેશોમાં જોવા મળે છે. તેમાં ફૂલોની સુગંધ હોય છે. જો કે તે ખૂબ જ ઓછા પ્રમાણમાં ઉગાડવામાં આવે છે, જે વિશ્વની કોફીના માત્ર 2% હિસ્સો ધરાવે છે.

**કોરાપુટ કોફીની વિશેષતા ફક્ત તેનો સ્વાદ જ નથી પરંતુ તેની ખેતી પદ્ધતિ પણ છે. કોરાપુટમાં કોફી સંપૂર્ણપણે ઓર્ગેનિક રીતે ઉગાડવામાં આવે છે. લાલ અને પાકેલી ચેરી હાથથી ચૂંટેલી, સૂકવવામાં, શેકીને અને પીસીને બનાવવામાં આવે છે**

4. એક્સેલસાઃ જે હવે લાઈબેરિકાનો એક પ્રકાર માનવામાં આવે છે, તે મોટાભાગે દક્ષિણ પૂર્વ એશિયામાં ઉગાડવામાં આવે છે અને ઘણી ઓછી માત્રામાં ઉત્પન્ન થાય છે. તેમાં થોડો ફળ જેવો અને થોડો ખાટો-મીઠો સ્વાદ હોય છે. તેમાં કેફિન પણ ઓછું હોય છે.

કોરાપુટ કોફી એ અરેબિકા પ્રકારની કોફી છે, જેનો ઈતિહાસ 100 વર્ષ જૂનો છે. કોરાપુટ એ દક્ષિણ ઓડિશામાં એક સ્થળનું નામ છે, જ્યાં આ કોફી પ્રથમ વખત ઉગાડવામાં આવી હતી. આ કારણે કોરાપુટ કોફી નામ પ્રખ્યાત થયું હતું.

કોરાપુટમાં કોફીની ખેતી કોઈ કોર્પોરેટ પ્રોજેક્ટ ન હતી પરંતુ રાજાનો પ્રયોગ હતો. કોરાપુટમાં કોફીની કહાની 1930માં શરૂ થઈ હતી, જ્યારે જયપુર રાજ્યના મહારાજા રાજ બહાદુર રામચંદ્ર દેવે સૌ પ્રથમ અહીં કોફીની ખેતી શરૂ કરી હતી. સ્વતંત્રતા પછી ઓડિશા સરકારે રસ લીધો અને સરકારના માટી સંરક્ષણ વિભાગે મચ્છકુંડ જળવિદ્યુત પ્રોજેક્ટમાં કાંપ અટકાવવા માટે કોરાપુટમાં મોટા પાયે કોફી ઉત્પાદનને પ્રોત્સાહન આપ્યું હતું.

1950 અને 1960ના દાયકામાં કોફી બોર્ડ ઓફ ઈન્ડિયા અને ઓડિશા રાજ્ય સરકારે આ રાજાના પ્રયોગને સંગઠિત ખેતીમાં પરિવર્તિત કર્યો હતો. આ પ્રયાસોના પરિણામે કોરાપુટમાં હવે આશરે 3,500 હેક્ટર જમીન પર કોફીની ખેતી થાય છે. આમાંથી, આશરે 778 હેક્ટર ખાનગી રીતે ઉગાડવામાં આવે છે, જેનું સંચાલન આશરે 4,300 આદિવાસી ખેડૂતો દ્વારા કરવામાં આવે છે. કોરાપુટ કોફીએ તેના શ્રેષ્ઠ દિવસો જોયા જ્યારે ઓડિશા સરકારે તેને 2019માં બ્રાન્ડ તરીકે લોન્ચ કરી અને આઉટલેટ્સ ઉપરાંત ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેનું વેચાણ નોંધપાત્ર રીતે વધાર્યું હતું.

કોરાપુટ હવે ખેતી અને સંગઠિત માર્કેટિંગના મોડેલ તરીકે ઉભરી આવ્યું છે. અહીંના અનુભવથી પ્રેરિત થઈને વધુ ખેડૂતો કોફીની ખેતી અપનાવી રહ્યા છે. સરકારી અભ્યાસ મુજબ, કોરાપુટમાં 1,46,000 હેક્ટર જમીન કોફીની ખેતી માટે યોગ્ય છે. પરિણામે, જિલ્લા વહીવટીતંત્રે 2025-26માં 1,000 હેક્ટર જમીન પર કોફી માટે છાંયડાના વાવેતર શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

કોરાપુટ કોફીની વિશેષતા શું છે?: કોરાપુટની સાચી સુંદરતા તેની માટી અને આબોહવામાં રહેલી છે. આ પ્રદેશ પૂર્વી ઘાટના ખોળામાં વસેલો છે. ઊંચા ટેકરાઓ, ઊંડી ખીણો, વહેતી નદીઓ અને ભવ્ય ધોધ ચારે બાજુ છે. વૃક્ષોથી ઢંકાયેલાં જંગલો આ વિસ્તારની સુંદરતામાં વધારો કરે છે. કોરાપુટની હવા ભેજવાળી છે અને પુષ્કળ સૂર્યપ્રકાશ મેળવે છે. આ વાતાવરણ કોફીના છોડ માટે યોગ્ય માનવામાં આવે છે. સમુદ્ર સપાટીથી 3,000 થી 4,500 ફૂટની ઊંચાઈ પર સ્થિત કોરાપુટની કોફી ધીમે ધીમે પાકે છે. આ ધીમી પાકવાની પ્રક્રિયા અનોખો સ્વાદ લાવે છે. કોરાપુટ કોફી તેની તીખાશ, ચોકલેટ જેવી મીઠાશ અને સૂક્ષ્મ ફૂલોની સુગંધ માટે જાણીતી છે.

કોરાપુટ કોફીની વિશેષતા ફક્ત તેનો સ્વાદ જ નથી પરંતુ તેની ખેતી પદ્ધતિ પણ છે. કોરાપુટમાં કોફી સંપૂર્ણપણે ઓર્ગેનિક રીતે ઉગાડવામાં આવે છે. લાલ અને પાકેલી ચેરી હાથથી ચૂંટેલી, સૂકવવામાં, શેકીને અને પીસીને બનાવવામાં આવે છે. ઓડિશાના આદિજાતિ વિકાસ સહકારી નિગમ લિમિટેડ (TDCCOL)ના મેનેજિંગ ડિરેક્ટર માનસી નિંભલ સમજાવે છે કે કોરાપુટ કોફીની ગુણવત્તા જાળવવા માટે કોરાપુટના પ્રોસેસિંગ યુનિટમાં ફળને કાપણીની રાત્રે જ કાઢી નાખવામાં આવે છે. ત્યાર બાદ બીજને 11 દિવસ સુધી તડકામાં સૂકવવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયા આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર હાથ ધરવામાં આવે છે, તેથી જ તેનો સ્વાદ વૈશ્વિક ગુણવત્તાને પ્રતિબિંબિત કરે છે. TDCCOL એ કોરાપુટ કોફીની ખરીદી, સૂકવણી, ગ્રેડિંગ અને માર્કેટિંગ માટે જવાબદાર સંસ્થા છે.

ભારતમાં કોફીનું ઉત્પાદનઃ જ્યારે કોરાપુટ કોફીએ વૈશ્વિક માન્યતા મેળવી છે, તે રાજ્ય જ્યાં તે ઉગાડવામાં આવે છે તે દેશનું સૌથી મોટું કોફી ઉત્પાદક નથી. ભારત વિશ્વના સૌથી મોટા કોફી ઉત્પાદકોમાં બ્રાઝિલ, વિયેતનામ, કોલંબિયા, ઈન્ડોનેશિયા, ઈથોપિયા અને હોન્ડુરાસ પછી છઠ્ઠા ક્રમે છે. જો તમારે ભારતના વૈશ્વિક દરજ્જા માટે કોઈ એક રાજ્યનો આભાર માનવો હોય, તો તે કર્ણાટક છે. પશ્ચિમ ઘાટનું આદર્શ વાતાવરણ આ રાજ્યને દેશની 70%થી વધુ કોફી ઉગાડવામાં મદદરૂપ થાય છે. પછી કેરળ આવે છે, જે ભારતની કોફીનું આશરે 20 % ઉત્પાદન કરે છે. અહીંના મુખ્ય પ્રદેશો વાયનાડ અને ઈડુક્કીના કેટલાક ભાગો છે, જ્યાં ભારે વરસાદ અને છાયાવાળા વાવેતરને કારણે રોબસ્ટા કોફીનું મોટા પાયે ઉત્પાદન થાય છે.

તમિલનાડુ ભારતની કોફીનું આશરે 5% ઉત્પાદન કરે છે. નીલગિરિ ટેકરીઓ અને શેવરોય ટેકરીઓ પર ઠંડી આબોહવા અને ફળદ્રુપ જમીન કોફી માટે આદર્શ છે. ભારતની બાકીની કોફી ઉત્તરપૂર્વીય રાજ્યો, આંધ્રપ્રદેશ, ઓડિશા અને મહારાષ્ટ્રમાં ઉગાડવામાં આવે છે.

ઉત્તરપૂર્વમાં નાગાલેન્ડ અને મેઘાલય જેવાં રાજ્યોમાં કોફી ઉગાડવામાં આવે છે. આંધ્રપ્રદેશની અરાકુ ખીણ પહેલાંથી જ આદિવાસી સમુદાયોમાં તેના ઓર્ગેનિક કોફી ચળવળ માટે વૈશ્વિક માન્યતા મેળવી ચૂકી છે. મહારાષ્ટ્રની કોફી મુખ્યત્વે ચંદ્રપુર અને ગઢચિરોલી પ્રદેશોમાંથી આવે છે અને ઓડિશામાં કોરાપુટ કોફી ઉત્પાદન માટે એક નવા અને મુખ્ય કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે.

# બારી પાસેનો સાક્ષીભાવ



સામાન્ય રીતે દરેક વ્યક્તિ મુસાફરી કરતી વખતે બારી પાસે બેસવાની ઈચ્છા રાખે. આ માત્ર એક સુવિધા નથી, તે વિશેષ પ્રકારની સંભાવના સ્થાપિત કરે છે. આ એક પ્રકારની માનસિકતાનું પરિણામ છે, જિજ્ઞાસાનું પ્રતિબિંબ છે, જીવનની જે તે બાબતનું પ્રાધાન્ય દર્શાવતી ઘટના છે અને વ્યક્તિની આંતરિક સ્થિતિનો પરિચય પણ છે. મુસાફરી કરતી વખતે આમ પણ સમય પસાર કરવાની આવશ્યકતા હોય છે. આજના સમયમાં કોઈ ગીતો સાંભળે તો કોઈ વિડીયો જુએ, કોઈ સોશિયલ મીડિયા ફંફોળે તો કોઈ પોતાનાં જીવનની કોઈ ઘટના પોસ્ટ કરે. કોઈક સમાચાર પત્ર વાંચે તો કોઈ એક-એક સિંગ ખાય. કોઈ ઝોકું ખાઈ લે તો કોઈ અજાણી વ્યક્તિ સાથે પણ વાતચીત શરૂ કરે. વિકલ્પો અનેક છે. આ બધાંથી મન એક યા બીજી પ્રવૃત્તિમાં જોડાય અને તેનાથી સમય સરળતાથી પસાર થઈ શકે. બારી પાસે બેસવામાં પણ આવો જ એક ફાયદો છે.

બારી પાસે બેસવાથી બહારનું દ્રશ્ય સરળતાથી અને સ્પષ્ટતાથી જોઈ શકાય છે, વિવિધ પ્રકારની પરિસ્થિતિને માણવાની તક મળે છે, ક્યાંક પર્વત તો ક્યાંક નદી, ક્યાંક ખેતર તો ક્યાંક વેરાન, ક્યાંક ચઢાણ તો ક્યાંક ઉતરાણ - બધું જ જોવાં મળે અને તેની પ્રત્યેક સાથે એક પ્રકારનું સમીકરણ સાધી શકાય. આ સમગ્ર પ્રક્રિયામાં સમય કોઈપણ પ્રકારની મહેનત વગર, કોઈપણ પ્રકારના સાધન વગર, કોઈપણ પ્રકારનાં પ્રયત્ન વગર, કોઈપણ પ્રકારના ‘ફોલોઅપ’ વગર પસાર થઈ જાય. બારીની બહાર દેખાતાં દ્રશ્યો ક્યારેક, કલ્પનાશક્તિને આધારે, જે તે પ્રકારની કળા માટેની પ્રેરણા પણ આપી શકે. જો વ્યક્તિ સંવેદનશીલ અને સર્જનાત્મકતા વાળી હોય તો અદ્ભુત સર્જન પણ થઈ શકે. બહારની પરિસ્થિતિ વિશે વિચાર કરવાથી પર્યાવરણ અને પરિસ્થિતિ બાબતે એક પ્રકારની સમજશક્તિ પણ ઉભરે.

આંખની અટારી

★ હેમુ ભીખુ

બારીની બહાર જોનાર વ્યક્તિને પોતાની સાથે જોડાવવાની જરૂરિયાત ઊભી ન થાય. આ એક મહત્વની ઘટના છે. ઘણીવાર વ્યક્તિએ પોતાનાથી અલગ થવું હોય છે. જ્યારે વ્યક્તિ કોઈ ફિલ્મ કે નાટક જોવા જાય ત્યારે તે સમય પૂરતું તે પોતાની જાતથી વિમુખ થઈ કોઈ અન્ય પાત્ર સાથે સંકળાય છે. આના કારણે વ્યક્તિ જાણે ‘વ્યક્તિગત કલ્પના’નાં વિશ્વમાં પ્રવેશી જાય છે. જીવનમાં ક્યારેક ક્યારેક આ પ્રકારની સ્થિતિ આવશ્યક છે. વાહનની બારી આ માટેની એક સંભાવના ઊભી કરે છે. બસની અંદરની પરિસ્થિતિની સરખામણીમાં દ્રશ્ય સતત બદલાતું રહે. આ બદલાતાં દ્રશ્ય સાથે ભિન્ન ભિન્ન પ્રકારની સંલગ્નતાની સંભાવના ઊભી થાય.

બારી પાસે એટલે સીટના ખૂણામાં. આ સ્થાન કંઈક અંશે અંગત હોવાની પ્રતીતિ થાય. આ સ્થાને એક બાજુ વાહનની ધાર આવી જતી હોવાથી ત્યાં અન્ય મુસાફર હોવાની સંભાવના ન હોય. આને કારણે, જે તે માત્રામાં, ગોપનીયતાની અનુભૂતિ થઈ શકે. અહીં ખલેલ પડવાની સંભાવના પ્રમાણમાં ઓછી હોય, અહીં વ્યક્તિ પોતાનાં કાર્યમાં વધુ સરળતાથી સંલગ્ન થઈ શકે. આ સ્થાન પર ‘અધિકાર’ની માત્રા પણ વધુ હોય શકે. બારી વ્યક્તિને એક પ્રકારની માલિકીની અનુભૂતિ કરાવી શકે. અહીં પીઠ ઉપરાંત બાજુમાં પણ ટેકો મળતો હોવાથી વધુ આરામની સંભાવના વધી જાય. અહીં અન્ય વ્યક્તિનો સ્પર્શ તથા સંપર્ક એક તરફનો જ હોય. સાથે સાથે બારી પાસે બેસવાથી આબોહવાને વ્યવસ્થિત રીતે સમજી શકાય. રસ્તા પરનાં કયાં વાહન ક્યાં છે તે વિશે પણ અનુમાન બાંધી શકાય. આજુબાજુનાં વાહનનો પ્રકાર કેવો છે, તેમની ગતિ કેટલી છે, તેમની વાહન વ્યવહારના નિયમો પ્રત્યે પ્રતિબદ્ધતા કેવા પ્રકારની છે, આ બધું બારીની બહાર જોવાથી સમજમાં આવી શકે. આ બધાંને કારણે સુરક્ષા કે અસુરક્ષાનો ભાવ ઉભરી શકે - શાંતિ કે અશાંતિ અનુભવી શકાય.

ક્યારેક જીવનમાં પણ બારી પાસે બેસવાનો અભિગમ રાખવામાં આવે છે. બારી પાસે બેસવું એ જીવનની એક પ્રતીક સમાન ઘટના છે, જીવન પ્રત્યેનો એક અભિગમ છે એમ કહી શકાય. કોઈપણ પ્રકારની વૈચારિક ક્રિયા વગર બારી બહાર જોઈ શકાય. આમાં કશું કરવાનું ન હોય અને તેનું કશું પરિણામ પણ ન આવે. આમાં કોઈ પણ પ્રકારની વિશેષ ક્ષમતાની આવશ્યકતા નથી. સમજવાની વાત એ છે કે ‘બહાર’ જોવાનું બધાને પસંદ છે. બંધન કે બંધિયારપણું કોઈને પસંદ નથી. દરેકને વિસ્તૃત ફલક જોઈએ છે. દરેકને એક પ્રકારની ‘સ્વતંત્ર’ અનુભૂતિ જોઈએ છે. ઘરનું કે કુટુંબનું, સમાજનું કે વ્યવસ્થાનું, પરિસ્થિતિનું કે નિયમોનું, બંધન કોઈને માન્ય નથી. દુનિયાની ચહલપહલ જોવાની, દુનિયાની પરિસ્થિતિ પર નજર નાખવાની અને ‘ઘણી સામાન્ય’વાતોથી વાકેફ રહેવાની લોકોને ઈચ્છા હોય છે. લોકોની કુતૂહલવૃત્તિ અદ્ભુત છે. જ્યાં જરૂરી ન હોય ત્યાં પણ ડોકિયું કરવાની ઈચ્છા થઈ જાય. જે રીતે શક્ય હોય તે રીતે, શક્ય હોય એટલું વધુ લોકો અનુભવવા માંગે છે, પોતાની જાતને ‘ઈન્વોલ્વ’ કર્યા વગર. સાંપ્રત સમયમાં સમાજનો આ એક વિશેષ અભિગમ હોય તેમ જણાય છે. અહીં માત્ર તમાશો જોવાનો હોય બાકી તો પોતાના રસ્તે આગળ વધી જવાનું. રસ્તામાં થયેલ અકસ્માત પ્રત્યે લોકોનો પ્રતિભાવ આનું સરસ ઉદાહરણ છે.

બારી એટલે વિશ્વ સાથેના સંવાદ માટેની તક. બારી એટલે બંધીયાર પરિસ્થિતિમાં રાખવામાં આવેલું ખુલ્લાપણું. બારી એટલે અંદર અને બહારની પરિસ્થિતિને જોડતું સાધન છે. બારી એટલે બાહ્ય આવરણમાં જરૂરિયાત પ્રમાણે સ્થાપવામાં આવેલી મોકળાશ. બારી એટલે મનોવૈજ્ઞાનિક હળવાશ. બારી એટલે પરિસ્થિતિમાં ઈચ્છનીય અપવાદ. બારી એટલે વિશેષ પ્રકારની વિરોધી સંભાવનાઓનું ભિન્ન માત્રામાં સહ-અસ્તિત્વ. બારી એટલે બંધન હોવાં છતાં ન હોવાનો

**બારી એટલે બાહ્ય આવરણમાં જરૂરિયાત પ્રમાણે સ્થાપવામાં આવેલી મોકળાશ. બારી એટલે મનોવૈજ્ઞાનિક હળવાશ**

અહેસાસ. બારી એટલે ઈચ્છનીય અપવાદ. બારી એટલે એક નવાં જ પ્રકારની આશા. તેમાં પણ આ બારી જ્યારે વાહનની હોય ત્યારે તો બારીનું ‘બારીપણું’ ઘણું વધી જાય. જીવનમાં, મકાનમાં કે વાહનમાં બારી આવશ્યક છે.

જે વ્યક્તિને આ મોકળાશની અનુભૂતિ કરી નવી સંભાવનાઓ ચકાસવી હોય, સીમાની બહારની પરિસ્થિતિ સાથે સંપર્ક સાધી વ્યક્તિગત ક્ષિતિજનો વિસ્તાર કરવો હોય, સ્થાપિત મર્યાદાઓનો અસ્વીકાર કરવો હોય, વિચારશીલતા તેમજ કલ્પનાને વધુ ઊંચા સ્તરે લઈ જવી હોય, સર્જનાત્મક ક્ષમતા વધારવી હોય, પ્રકૃતિગત જીજ્ઞાસા સંતોષવી હોય અને બહિર્મુખ બનવું હોય તેની માટે બારી આવશ્યક જ નથી, જરૂરિયાત છે.

આધ્યાત્મિકતાના સંદર્ભમાં કહીએ તો પ્રત્યેક માનવીની દ્રષ્ટિ બહાર તરફની જ હોય છે. ઈન્દ્રિયો તથા મન બહિર્મુખી છે, બહિર્ગામી છે. બારીની બહાર જોવાની પ્રક્રિયા આનું અનુમોદન છે. નજર અંદરની તરફ વાળવાની છે.

આંતર્ભિમૂખ થવાનું છે. નજર બારીની બહાર પણ નહીં, વાહનની અંદર પણ નહીં પરંતુ સ્વયંની અંદર વાળવાની છે. અમુક સંજોગોમાં આધ્યાત્મિક ભાવના વાળી વ્યક્તિ પણ બારી પાસે બેસવાનું પસંદ કરે, જ્યાં જીવનનાં દ્રશ્યો જોતાં જોતાં પણ તેનો સાક્ષીભાવ જળવાઈ રહે.